

# જીવતર ધન્ય કરીએ... શાશ્વત કરીએ !

~ ડૉ. મનોજ સોની



**ઈ.સ. ૨૦૧૮નું વર્ષ** વિદાય લઈ રહ્યું છે. આ વર્ષની અનેક સ્મૃતિઓ આપણા ચિત્તમાં અંકિત છે. ઘટનાઓ,વ્યક્તિઓ, વિચારો, લાગણીઓ સહિત અનેક સ્વપ્નો અને આકાંક્ષાઓથી ભર્યું-ભર્યું આ વર્ષ શું આપણને આપણે હતાં એવાં ને એવાં જ રાખી જશે ? કે કંઈક નવી દૃષ્ટિ આપી જશે ? કે પછી કોઈ નકારાત્મક છાપ છોડી જશે ? આ પ્રશ્નોના જવાબ જેટલા ભૂતકાળની ઘટનાઓમાં છે તેથી વધુ સ્પષ્ટ રૂપે આપણા વર્તમાનમાં છે. વર્તમાન પાસે બંને શક્તિ-સંભાવના છે : ભૂતકાળના શ્રેષ્ઠને સંવર્ધન કરવાની અને ભવિષ્ય માટે ઉત્તમ જીવન અર્થે આપણને મનથી તૈયાર કરવાની !

ચાલો, આ ૨૦૧૮ના અંતિમ દિવસોમાં આ વર્ષના શ્રેષ્ઠને સંવર્ધીએ, એનો આનંદ પુનઃ પુનઃ માણીએ. પ્રભુ સન્મુખ, પ્રભુના સંતો ને ભક્તો સન્મુખ કરાવનાર પ્રત્યેક પળ ૨૦૧૮ની શ્રેષ્ઠ પળ ! એ એવી પળો જેમાં આપણે પૂર્ણરૂપે નિર્મળ થયાં, હળવાં રહ્યાં તેથી આનંદ સહજ પ્રગટ્યો. દેહને અવગણી, દેહના ભાવને આઘા કરી પ્રભુના કાર્યને પ્રભુની રીતે પ્રભુને પ્રસન્ન કરવા રુચિ રાખી મંડ્યાં ને સુહૃદભાવે સૌ પ્રતિ નિર્દોષભાવ ઉજાળ્યો તે ક્ષણો આપણા જીવનની જ નહિ; બલકે, સમગ્ર સંસારની મંગલ ક્ષણો રહી. એ સમય-ક્ષણોની ગૌરવસભર ધન્યતા અનુભવીએ.

અને ઈ.સ. ૨૦૧૯ને ઉમંગસભર હૃદયે આવકારવા તૈયાર થઈએ. સાહેબદાદાના વ્હાલા સૌ સંતો-અક્ષરમુક્તો માટે આ વર્ષ ઐતિહાસિક સીમાચિહ્ન રૂપે ઇતિહાસમાં સ્વર્ણિમ અક્ષરે લખાશે. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિર રૂપે આપણા પરિવારોનું, આપણા સમાજ અને સંસારનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે તે ૨૦૧૯માં પરિપૂર્ણ થશે.

આ મંદિર કોઈ સામાન્ય કલાત્મક પથ્થરોથી નિર્મિત ઈમારત માત્ર નથી. આ મંદિર આપણી ઉપાસનામાં આપણી શ્રદ્ધાના ઊંડાણનું જીવંત રૂપ છે. આ મંદિર આપણી માહાત્મ્યે યુક્ત ભક્તિના ઉમંગની ગગનચુંબી ઊંચાઈનું દ્યોતક છે. એના પ્રત્યેક પથ્થર આપણી પેઢીના મહિમાસભર સમર્પણની ગાથા ગાનારા છે. એના પ્રત્યેક સ્તંભ આપણી અને આવનારી પેઢીના દિવ્ય સંસ્કારના અડીખમ આધારરૂપ છે.

સાહેબદાદાએ આપણા પર અપાર કૃપા કરી છે. આ મંદિરરૂપી પ્રભુના દિવ્ય ધામ, આપણી આસ્થાના સ્થાનના નિર્માણની ઐતિહાસિક મહાઘટનામાં આપણને સેવા આપી આપણી પેઢીને શાશ્વતતા બક્ષી છે. આ તક ચૂકવી નથી. આ પૂર્વે આપણા ભાગે સાહેબદાદાને પ્રસન્ન કરવાની અનેક તક આવી છે; પરંતુ, આ પ્રસંગની વાત નોખી છે. યોગીજી મહારાજના સંકલ્પ, સર્વ પ્રગટ ગુણાતીત સ્વરૂપોની કૃપા, સંતો-સાધકો-ભક્તોની તપસ્યા અને સાહેબદાદાના અસ્ખલિત પ્રેમની ગંગાના પ્રતીકરૂપ આ મંદિર એક નવા યુગના નિર્માણના આરંભ રૂપ છે. અને આપણને સૌને એ દિવ્ય મહાકાર્યના મહાનિમિત્ત રૂપ સેવા કરવાનો અવસર મળ્યો છે.

તો, આવો ! ઈ.સ. ૨૦૧૮ના શ્રેષ્ઠના સરવાળે ઈ.સ. ૨૦૧૯ને આવકારવા આપણી શ્રદ્ધા, માહાત્મ્ય, સેવા, સુહૃદભાવ અને નિર્દોષભાવના ગુણાકારની પ્રચંડ શુભ ઊર્જાથી સંપ અને એકતા દૃઢ કરી સાહેબદાદા રાજી થાય તેવા રૂડા મંદિરના નિર્માણમાં સમર્પિત થઈએ. જીવતર ધન્ય કરીએ, શાશ્વત કરીએ! ◆